ગાંધીનગર સમાચાર

## સંક્ષિપ્ત સમાચાર

### મેઘરજ કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં આવેલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, મેઘરજ ખાતે સપ્તધારાની સર્જનાત્મક ધારા અંતર્ગત તા. ૧૯ જાન્યુઆરીના રોજ પ્રા. આર.એમ. મકવાણાની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ સ્પર્ધામાં કવિતા સર્જન, નિબંધ લેખન, સુવિચાર લેખન જેવી અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધા અંતર્ગત પ્રા. પ્રેમકુમાર સિંહ અને પ્રા. બી.કે. રાઠોડે આ કાર્યક્રમને અંતર્ગત પ્રાસંગિત ઉદબોધન કરી સપ્તધારાનો સુઘડ પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહ અને આનંદપુર્વક ભાગ લીધો હતો.

### આર્ટસ અને કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં વેલકમ-૨૦૧૬ રૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. નવા વર્ષને આવકારવા માટે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, નૃત્ય, નાટક, એક પાત્રીય અભિનય, ડાન્સ, ગીત ગુંજન, મીમીક્રી વગેરેની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કોલેજના પ્રિ. એન.ડી. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને માણવા કોલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રિ. એન.ડી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજની સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. વી.સી. નિનામા, પ્રા.હિનાબેન ભોજક, ડૉ. હેમંત સુથાર, શ્રી શકિતસિંહ સોલંકી દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

### મહેસાણા જિલ્લામાં સુખ-સુવિધા કર ભરતી હોટલોની યાદી જાહેર કરાઈ

મહેસાણા જિલ્લામાં સુખ સુવિધા કરનું ભરણું કરનાર સામે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાત સુખ સુવિધા કર અધિનિયમ ૧૯૭૭ તથા નિયમો ૧૯૭૮ની જોગવાઈ મુજબ કર ભરતી હોટલોની યાદી જાહેર કરાઈ છે. આ જોગવાઈ મુજબ ૫૦૦થી વધુ રકમનો પ્રત્યેક રૂમનો ટેરીફ ધરાવતી હોટલોને ફરજીયાત રજિસ્ટ્રેશન અને સુખ સુવિધા કર ભરવાનો હોય છે. મહેસાણા જિલ્લામાં સુખ સુવિધા કર ભરતી ૨૨ હોટલો છે. આ હોટલો સિવાય જે હોટલો જોગવાઈ અને નિયમો મુજબ સુખ સુવિધા કર ભરતી ના હોય તેમની સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

મહેસાણા જિલ્લામાં સુખ સુવિધા કર ભરતી હોટલોમાં આમંત્રણ રેસ્ટોરન્ટ ધોળાસણ, આનંદ રેસ્ટોરન્ટ મહેસાણા, હોટલ આસોપાલવ, હોટલ કારવા, હોટલ ખોડલ, મહેસાણા હોટલ ગણેશ ભુવન વિસનગર, હોટલ ગંગોત્રી કડી, હોટલ જનપથ પાલવાસણા, હોટલ જનપથ ધોળાસણ, હોટલ તોરણ, વડનગર, હોટલ ધ ન્યુ હોલીડે ઈન ધોળાસણ, હોટલ ન્યુ જનપથ મહેસાણા, હોટલ ભાગ્યોદય, હોટલ યોગેશ્વર, હોટલ સ્ટ્રીટ મહેસાણા, હોટલ રોયલ રેસીડન્સી પાલાવાસણા, ધી સેવન ઈન ગેસ્ટ હાઉસ વિસનગર, શ્રી રામ ગેસ્ટ હાઉસ મહેસાણા, હોટલ સનસાઈન નાગલપુર, હોટલ સહારાબીજ, હોટલ સેફોની, હોટલ હાઈનેસ પાલાવાસણાનો સમાવેશ થાય છે.






## અંબાજીમાં સ્થાનિક પ્રશ્નોને લઈ બંધ પળાયો

ગુજરાતનું સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી સ્થાનિક પ્રશ્નોને લઈ આજે ઝડબે સલાક બંધ રહેતા આશ્ચર્ય જનક બાબત બની છે. જો કે કોઈ પાર્ટી પક્ષના કે પછી અન્ય કોઈ એક જ્ઞાતિ ના અપાતાં એલાનમાં અંબાજી કદી એકસુર પુરાયું નથી. જયારે અંબાજી સ્થાનિક રહેવાસીઓનાં કેટલાક પ્રશ્નો સતાવતાં હોવાથી અંબાજી વિકાસ મંચ દ્વારા અપાયેલા બંધના એલાનને સારો પ્રતિસાદ મળ્યો છે. જો કે આ સાથે અંબાજી ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપરસરપંચ દ્વારા અંબાજી બંધ નહીં રાખવા ફરતી કરાયેલ પત્રિકાનો ફિયાસ્કો થયો હતો ને અંબાજી ગ્રામ પંચાયતના કથીત કેટલાક ભ્રષ્ટાચારો ને પંચાયતના સેક્રેટરી વિધર્મી હોવાના નાતે ગ્રામજનોને હેરાનગતિ કરતાં હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે. અને સાથે કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ નવીન કોટેજ હોસ્પિટલમાં હૃદય રોગ પ્રસુતી તેમજ હાડકાના કોઈ નિષ્ણાંત ડોકટરોની નિમણુંક ન કરાતા અંબાજીમાં છેલ્લા એક માસમાં અનેક યુવાનોના મોત નિપજયા હોવાનો પણ ઉલ્લેખ કરાયો હતો તે તમામ બાબતે અંબાજી મંદિરના વહીવટદાર તેમજ ગ્રામ પંચાયતના સેક્રેટરીને અંબાજી વિકાસ મંચ દ્વારા પ્રશ્નોનું આવેનદપત્ર સુપરત કરવામાં આવ્યું હતું ને જો આ પ્રશ્નોનો નિકાલ નહીં કરાય તો હજી વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જો કે આ બાબતે મંદિરના વહીવટદારે આવેનદપત્રને ઉચ્ચકક્ષાએ મોકલી આપવા જણાવ્યું હતું ત્યારે પંચાયતના સેક્ટેરીએ ગ્રામજનો દ્વારા કરાયેલા આક્ષેપોને ખોટા ગણાવ્યા હતા.

## અંબાજીમાં મા જગદંબાનો પ્રાગટ્યોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાશે

પાલનપુર, તા. ૨૦

મા જગદંબાના પ્રાગટ્યદિન નિમિત્તે બે દિવસ માટે અંબાજી મંદિર ખાતે ભવ્ય પ્રાગટ્યોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં વિવિધ ધાર્મિક સંગીતમય અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ પ્રાગટ્ય મહોત્સવે નગરમાં વિશેષ શોભાયાત્રા વાજતે-ગાજતે નિકાળવામાં આવશે. જેમાં હજારોની સંખ્યામાં માઈભક્તો જોડાશે.

શ્રી અંબાજી ધાર્મિક સેવા સમિતિના સ્વયંમસેવકો અને ભક્તો પૂનમના દિવસે સવારે ગબ્બર પર્વત પર માતાજીને ધજા ચઢાવી અખંડ જ્યોતમાંથી જ્યોત લાવશે. મા જગદંબાના હાથોમાં શોભતા વિવિધ આભુષણો દર્શનાર્થે લાવવામાં આવશે.

શક્તિદાર મા જગદંબા મંદિરનો સન્મુખ મહા આરતી કરવામાં આવશે. બાદમાં હાથી પર આરૂઢ થઈ મા નગરચર્યાએ ભક્તોને દર્શન આપશે. જેમાં હજારોની સંખ્યામાં માઈ ભક્તો જોડાશે. અંબાજી મંદિર શક્તિદ્વારથી શોભાયાત્રાનું પ્રસ્થાન થશે જે નગરના વિવિધ માર્ગો પર થઈ નીજ મંદિરે પરત આવશે. આ શોભાયાત્રામાં હજારો કિલો સુખડીનું વિતરણ કરવામાં આવશે. ઉપરાંત શોભાયાત્રામાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક ઝાંખીઓ આકર્ષણ જમાવશે અને અનેક પવિત્ર રોપાઓનું પણ વિતરણ કરવામાં આવશે.



ખેલ મહાકુંભ અંતર્ગત પાલનપુરની સ્વસ્તિક શાળા ખાતે ચેસની તાલુકા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવને સ્વામી વિવકાનંદ યુવા વિકાસ બનાસકાંઠાના ચેરમેન ગૌરાંગ પાધ્યા દ્વારા સ્પર્ધાને ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં કનકસિંહ અને કે.કે. પટેલ સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## હિંમતનગરના સામાન્ય પરિવારની વિદ્યાર્થીની સી.એ.ની ફાઈનલમાં ઉત્તિર્ણ

હિંમતનગર, તા. ૨૦

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ દ્વારા ગત નવેમ્બર માસમાં લેવાયેલી ફાઈનલ પરીક્ષાનું સોમવારે પરિણામ જાહેર થયું છે. ત્યારે હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા સિંધી પરિવારમાંથી આવતી વિદ્યાર્થીનીએ સફળતા મેળવી છે. સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં સખ્ત મહેનત કરી પ્રથમ પ્રયાસે ૮૦૦માંથી ૪૫૧ માર્કસ મેળવી સફળતા હાંસલ કરતા વિદ્યાર્થીનીએ સમાજમાં આગવી ઓળખ ઉભી કરી છે.

સતત મહેનત કરી સફળતાના શિખરો સર કરવાની ઈચ્છા ધરાવતા લોકોને કુદરત પણ સાથ આપતી હોય છે. હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલા તબેલા વિસ્તારમાં રહેતા સિંધી ઘનશ્યામભાઈ નંદલાલની પુત્રી આશાએ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યું હતું.

સી.એ.માં પ્રથમ પ્રયત્ને ઉત્તિર્ણ થનાર સિંધી આશાના પિતા ઘનશ્યામભાઈ નંદલાલ શિયાળાના સમય દરમિયાન કચરીયુ, તલપાપડીનું વેચાણ કરીને ગુજરાન ચલાવે છે. ઉનાળા દરમિયાન કુલ્ફી તથા આઈસ્ક્રીમ વેચી મોંઘવારીમાં પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. ઘનશ્યામભાઈ પોતે માત્ર આઠ ચોપડી ભણેલા છે. ત્યારે તેમના પત્નિ ભગવતીબેને તો માત્ર છ ધોરણ સુધીનો જ અભ્યાસ કર્યો છે. માત્ર ૨૬ વર્ષની ઉંમરે પ્રથમ પ્રયત્ને સી.એ.ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર સિંધી આશાને ભણવા માટે આર્થિક મદદ હડિયોલ ગામના સમાજ સેવક ગુણવંતભાઈ પટેલ તરફથી પુરી પાડવામાં આવી હતી. માત્ર એક રૂમમાં રહેતી આશા દિવસ-રાત સતત અભ્યાસમાં વ્યસ્ત રહેતી હતી. જોકે ઘરનું મોટાભાગનું કામ તેની માતા ભગવતીબેન કરી લેતા હતા. સી.એ.માં ઉત્તિર્ણ થનાર આશાએ પોતાની સફળતા માટે માતા-પિતાના આશીર્વાદ અને પોતાની સખ્ત મહેનતને યશ આપ્યો છે. ધો. ૧૦, ૧૨ અને બી.કોમ.માં સારા માર્કે ઉત્તિર્ણ થનાર આશાએ અભ્યાસમાં ગરીબીએ નડતરૂપ ન હોવાનું તેણીનું કહેવું છે.



### દિયોદર પ્રાથમિક શાળા નં. ૩માં દાતાઓ દ્વારા સ્પોર્ટસ ગણવેશનું વિતરણ કરાયું

દિયોદર પ્રા. શાળા નં. ૩માં ખેલ મહાકુંભ ઉદ્‌ઘાટન સમયે દિયોદર એ.એસ.પી. અને હાલ મહેસાણા ખાતે ડી.એસ.પી. તરીકે ફરજ બજાવતા માંડલીક શાહેબ તરફથી ૧૬ ખેલાડીઓને ટ્રેકશુટનું વિતરણ કરાયું હતું અને દિયોદર પી.એસ.આઈ. આસોડીયા પણ ગરીબ ૪૦ બાળકોને ગરમ જાકેટ આપવાની જાહેરાત કરી હતી. તેમજ એસ.એમ.સી.ના ઉપાધ્યક્ષ ભુરાજી ઠાકોરે પણ ૧૬ જોડી સ્પોર્ટસ ગણવેશનું વિતરણ કરેલ. આવેલ મહેમાનોનું શાળાની બાળાઓએ કુમકુમ તિલક અને સ્વાગત ગીત ગાઈને તેમને આવકાર્યા હતા. આ પ્રસંગે પી.આઈ. રાઠોડ, શિહોરી પી.એસ.આઈ. આસોડીયા, દિયોદર રમેશભાઈ બારોટ (રાયટર) ભુરાજી ઠાકોર, કરશનભાઈ (સી.આર.સી.) વિષ્ણુભાઈ દેસાઈ, ભદ્રસિંહ રાઠોડ, મુકેશભાઈ ત્રિવેદી (આચાર્ય), સ્ટાફગણ, ગ્રામજનો વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ રાણાભાઈ પટેલે કરી હતી.

## મોડાસા-રાજેન્દ્રનગર ચોકડી થ્રી લેન માર્ગનું કામકાજ શરૂ

### ખંભીસર નજીક ભયજનક વળાંકમાં ખોદેલા ખાડાઓ દિશાસૂચન બોર્ડના અભાવે મોતની ખાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસાથી રાજેન્દ્રનગર ચોકડી સુધીના ૨૨ કિ.મી. માર્ગને થ્રી-લેન અને પુનઃ તૈયાર કરવાની કામગીરીની રકમ મંજૂર થઈ ગયાના મહિનાઓના વિલંબ બાદ કોન્ટ્રાક્ટર દ્વારા મોટાપાયે માર્ગે નવિનીકરણનું કામકાજ પુરજોશમાં શરૂ કરવાની સાથે ૨૨ કિ.મી.ના માર્ગ પર રોડની સાઈડો ઠેર-ઠેર ખોદી નાંખવામાં આવતા અકસ્માતની ઘટનાઓની હાળમાળા સર્જાઈ છે. ૨૨ કીમી માર્ગ પર ખોદાયેલા ખાડાઓ વાહનચાલકો માટે દોજખરૂપ બની રહ્યા છે. તેમાં મેઢાસણ-ખંભીસર માર્ગના ભયજનક વળાંકમાં ખોદાયેલા ખાડાની બન્ને બાજુએ દિશા-સૂચન બોર્ડના અભાવે ગમે તે ઘડીએ અકસ્માત સર્જાવાની અને જાનહાની થવાનો ભય પેદા થતા વાહનચાલકોમાં રોષ ફેલાયો છે.

મોડાસાથી રાજેન્દ્રનગર ચોકડી સુધીના ૨૨ કીમી રાજ્ય ધોરીમાર્ગને થ્રી લેન અને નવિનીકરણ કરવા માટે અપાયેલા કોન્ટ્રાક્ટર દ્વારા ઝડપભેર નવીનીકરણ અને થ્રી લેન માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. મોડાસાથી મેઢાસણ સુધીના ૧૪ કિમી માર્ગ પર રોડની એક બાજુની સાઈડ ખોદી નાખી સેફ્ટીવોલના બદલે સફેદ પથ્થરો ગોઠવી દેવાતા સતત વાહનોની અવરજવરથી ધમધમતા માર્ગ પર અકસ્માતની ઘટનાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટનાઓ બની છે. સદનસિબે જાનહાનિ ટળી હતી. તેમજ મેઢાસણથી રાજેન્દ્રનગર ચોકડી સુધીના ૭ કિમી રાજ્યધોરીમાર્ગ પર કોન્ટ્રાક્ટર દ્વારા રોડની સાઈડમાં કેટલીક જગ્યાએ ખાડાઓ ખોદવાના આવી નધણીયાત રાખી દેવામાં આવ્યા છે. મેઢાસણથી ખંભીસર પટીયાના ભયજનક વળાંકમાં ખોદાયેલો આવો જ એક ખાડા પર કોન્ટ્રાક્ટર દ્વારા દિશાસૂચન બોર્ડ કે ભયજનક વળાંકમાં ખોદાયેલો આવો જ એક ખાડા પર કોન્ટ્રાક્ટર દ્વારા દિશાસૂચન બોર્ડ કે ભયજનક સૂચન બોર્ડ મુકવાની તસ્દી ન લેતા વળાંકમાં અચાનક આવી જતા ખાડાથી ઓવરટેઈક કરવા જતા વાહનચાલકો ફંગોળાઈ જાય છે. આ ખાડા પર તાત્કાલિક દિશા સૂચન બોર્ડ લગાવવામાં નહિ આવે તો ગમે તે ઘડીએ વાહનચાલકો ખાડામાં ખાબકવાની સાથે ગમખ્વાર અકસ્માત થવાની અને જાનહાનિ થવાનો મોટો ભય પેદા થયો છે. અહીંથી પસાર થતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાવાની સાથે ઉગ્ર રોષ ફેલાયો છે. ત્યારે મેઢાસણ પંથકના આજુબાજુના ગામડાના પ્રજાજનોએ જવાબદાર સરકારી તંત્ર દ્વારા નવીનીકરણ કરી રહેલા કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી સૂચના આપી દિશાસૂચક બોર્ડ કે સેફ્ટીવોલ લગાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. ખંભીસર ગામ લોકોના જણાવ્યા મુજબ જવાબદારતંત્ર કે પછી કોન્ટ્રાક્ટર દિશાસૂચન બોર્ડ નહિ લગાવી કોઈની જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યા છે કે પછી આડોડાઈ કરી રહ્યા છે જેવા અનેક પ્રશ્નો લોકોના મનમાં ઉદ્‌ભવ્યા છે.



## પ્રાંતિજમાં તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં તા. ૨૦-૧-૨૦૧૬ને બુધવારના રોજ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાના ૫૦૦ જેટલા



તાલુકામાંથી ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ૨૦૧૫-૧૬ ખેલ મહાકુંભ રમતોત્સવ અંતર્ગત પ્રાંતિજ અવરઓન વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં દોડ, કૂદ, ગોળાફેંક, ફરસી ફેંક વગેરે એથ્લેટિક્સ રમતોમાં ભાગ લીધો હતો અને તાલુકાકક્ષાએ પ્રથમ આવનાર વિજેતાને ૭૫૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું અને જિલ્લા કક્ષાએ રમવા લઈ જવામાં આવશે જ્યારે ૨ થી ૮ નંબર આવનાર વિદ્યાર્થીઓની યાદી બનાવી જિલ્લાકક્ષાએ આપવામાં આવી હતી અને તેમણે વિશિષ્ટ તાલીમ આપવામાં આવશે. તેવું રમતગમત કન્વીનર જગદીશભાઈ રાવલ દ્વારા જાણવા મળેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરકાંઠામાં ૨૭ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી સુધી ખેલમહાકુંભ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા ખેલમહાકુંભ ૨૦૧૫નું આયોજન કરાયુ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાકક્ષાની ૨૧ રમતો તા. ૨૭ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન હિંમતનગર, ઈડર સહિત અન્ય તાલુકા મથકે યોજાશે. ખેલમહાકુંભ અંતર્ગત યોજાનાર એથ્લેટિક્સ, કબડ્ડી અને ખોખોમાં અંદાજે ૧.૩૧ લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લેવા માટે જિલ્લા રમતગમત કચેરીમાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

રમતગમત અધિકારી ડૉ. અશોક રાવલ તથા કો-ઓર્ડિનેટર રાજુભાઈ પટેલના જણાવાયા મુજબ ખેલમહાકુંભ ૨૦૧૫ અંતર્ગત સાબરકાંઠા હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, તલોદ ખાતે તા. ૨૭ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન બહેનો અને ભાઈઓ વિભાગના ખેલાડીઓ માટે ફૂટબોલ, બાસ્કેટબોલ, હેન્ડબોલ, આર્ચરી, બેડમિંટન, યોગાસન, રસ્સાખેંચ, ખોખો, વોલીબોલ સહિતની ૨૧ સ્પર્ધાઓ વયગૃપ મુજબ યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ખેલમહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની આઠ રમતમાં પ્રથમ શાળા, ગ્રામ્ય ત્યારબાદ તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓ ભાગ લેશે. ત્યારબાદ તેઓ જિલ્લા કક્ષાએ જશે.

### બનાસકાંઠામાં આઠ નવા આરોગ્ય કેન્દ્રો આકાર પામશે

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે તાજેતરમાં એક ઠરાવ મુજબ ૪૫ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ૧૨ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોને મંજુર કર્યા હતા. જેમાં બનાસકાંઠાને ૮ નવા આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાની મંજુરી આપી હતી. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે ૧૨ જાન્યુઆરી ૨૦૧૬ના ઠરાવથી રાજ્યમાં ૪૫ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોને મંજુરી આપવામાં આવી છે. તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં રવૈલ, જાલોઠા, કમોડી, જેતડા ખાતે પ્રાથમિક આરોગ્ય અને કોતરવાડા, ઘુણસોલ, ખીમત, જડીયા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવશે. બનાસકાંઠામાં આરોગ્ય કેન્દ્રની મંજુરી મળતા બનાસકાંઠાના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય વિષયક સુવિધાઓ સાધનો તબીબોની ઉપલબ્ધતા થશે. આરોગ્ય સેવાના માળખાના વ્યાપમાં વધારો થશે અને પ્રજાજનોને ઘર આંગણે નજીકમાં જ તબીબી સારવાર મળી રહેશે.

### ભેસાણા ખાતે કન્યા વિદ્યા સંકુલનું ભૂમિપૂજન સમારોહ યોજાયો

દિયોદર તાલુકાના ભેસાણા ખાતે સંતશ્રી રાજેશ્વર સમાજ સેવા મંડળ દિયોદર સંચાલીત દ્વારા કન્યા વિદ્યાલયનું ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે હરીભાઈ ચૌધરી (ગૃહરાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી (મંત્રી) દેવજીભાઈ પટેલ (સાંસદ) રાજસ્થાન માવજીભાઈ પટેલ (માજી અધ્યક્ષ વિસ મુદ્દા) કેશાજી ચૌહાણ (ધારાસભ્ય દિયોદર), મફાભાઈ રત્નાભાઈ (તરક) ડૉ. નરેશભાઈ ચૌધરી, ડૉ. હસુભાઈ ચૌધરી (પાલડી) તેમજ હિંદવાણી પરગણના આગેવાનો, દાતાઓ વગેરે હાજર રહ્યા હતા. આ પ્રસંગે દિપ પ્રાગટ્ય અને આશિર્વચન રાજઋષિ યોગીરાજ બાળ બ્રહ્મચારી પૂજ્ય મહંતશ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજ (આશ્રમ શિકારપુરા, રાજ.) બહોળી સંખ્યામાં સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને દાતાઓએ દાન કર્યું હતું.